# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 10 •• January, 2004

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com


# બધાને 'તિત્થયરસમો સૂરી' કહેતાં પહેલાં સાવધાન

જૈન ગ્રંથકારોએ આચાર્યોને તીર્થંકરની હરોળમાં બેસાડીને તેમનું ભારોભાર બહુમાન કર્યું છે. તીર્થંકરોએ સોંપેલી જવાબદારીઓ આચાર્યોએ પૂરી નિષ્ઠાથી બજાવી પણ છે. તીર્થંકરો પાસે તો એક વિશિષ્ટ પ્રકારનું પુણ્ય હોય છે, જ્યારે આચાર્યો પાસે તો તીર્થંકરના પુણ્યનો સહસ્રાંશ પણ હોતો નથી. તીર્થંકર જેવા પુણ્યની ગેરહાજરીમાં તીર્થંકર જેવું કાર્ય કરી બતાવવું એ કંઈ ખાવાના ખેલ નથી. લોઢાના ચણા તો મીણના દાંતે હજીયે કદાચ ચવાઈ જાય, પરંતુ તીર્થંકરની ગાદી સંભાળીને તીર્થંકરપણું નભાવી જાણવું એ તો કદી શક્ય નથી હોતું. આમ છતાં, આવું અશક્ય કાર્ય બજાવવાની જવાબદારી આચાર્યોને સોંપીને તેમને 'તિત્થયરસમો' કહેનારા ગ્રંથકારોએ તેમની ઉપર કેટલો મોટો વિશ્વાસ મૂક્યો છે?

ઈતિહાસમાં નજર કરીએ તો ભગવાન મહાવીરની ઉજ્જવળ પરંપરાને વધુ ઊજળી કરી બતાવનાર આચાર્યોની આખી હારમાળા નજર સામે તરવરી ઊઠે છે. સાક્ષાત તીર્થંકર દ્વારા દીક્ષિત એવા ગણધરોને બાદ કરીએ તોય એમની પરંપરાને દીપાવવાનું શકવર્તી કાર્ય જૈનાચાર્યોએ બજાવ્યું છે.

જૈન ઈતિહાસના તેજસ્વી તારલાઓ એવા આચાર્ય હરિભદ્રસૂરિને જુઓ કે હીરવિજયસૂરિને જુઓ, તેમના હાડોહાડમાંથી તીર્થંકરત્વ નીતરતું દેખાશે. સિદ્ધસેનદિવાકરસૂરિને જુઓ અને અભયદેવસૂરિને જુઓ, તેઓ આપણને કેવળીની ખોટ જરાયે નહીં સાલવા દે. આર્ય વજ્રને જુઓ અને આર્યરક્ષિતને જુઓ, ભદ્રબાહુને જુઓ અને ઉમાસ્વાતિને જુઓ. અરે, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો જ દાખલો લો ને. ઘણીવાર તો એમ કહેવાનું મન થઈ આવે કે 'વાહ રે વાહ, તમે તો તીર્થંકર કરતાંયે સવાયા હો!' તીર્થંકર જેવા પુણ્યના અભાવે પણ તીર્થંકરોએ પ્રબોધેલી અહિંસાને કેવી ભારતભરમાં ફેલાવી દીધી! અને પેલા કાલકાચાર્ય કેવા નરબંકા. શાસનની લાજ રાખવા બીજા બધા નિર્વીર્ય પૂરવાર થયા ત્યારે અણીની વેળાએ તીર્થંકરનું નૂર પ્રગટાવીને તેમણે કેવો સોપો પાડી દીધો! આવા આચાર્યોને એકવાર નહીં, એક કરોડવાર 'તિત્થયરસમો સૂરી'ની વ્યાખ્યામાં આવરી જ લેવા પડે.

આજે તો બે પ્રતિક્રમણનું યે જ્ઞાન ન ધરાવનારા લોકો, પોતાની જાતે જ, પોતાની પીઠ થાબડીને, પોતાને, 'તિત્થયરસમો સૂરી' કહીને પોરસાતા હોય છે. શાસનની લાજ રાખવાની ટકાનીયે તેવડ વિનાના એ લોકો 'સ્વોપાર્જિત પરાક્રમવાળા' હોવાથી તેઓ બીજાએ આપેલાં બિરુદોના મોહતાજ હોતા નથી!!! *(અમે તો જાતે બિરુદ ઉપાર્જન કરીએ. બીજા તે વળી અમને શું આપતા'તા!)* ચારિત્રના નામે ધતિંગો આચરનારા, જ્ઞાનના નામે અજ્ઞાન ફેલાવનારા, તપના નામે લોકોને ઉલ્લુ બનાવનારા, દર્શનાચારના નામે દર્શનનું નિકંદન કાઢનારા તથાકથિત આચાર્યોને 'તીર્થંકર સમાન' કહીને આપણે જાણ્યે અજાણ્યે તીર્થંકરનો અનાદર અને તેમની આશાતના તો નથી કરતા ને?

સમગ્ર જૈન સમાજને બાનમાં લઈને બેઠેલા કુખ્યાત, નામચીન અને શાસનને નિતાંત બેવફા એવા મીનાપતિસૂરિ, દેરાણીપતિસૂરિ, જેઠાણી-પતિસૂરિ, ગોબેલ્સસાગરસૂરિ, હથેળીમાંચાંદસૂરિ, માલાપતિસૂરિ, ગર્ભપાતસૂરિ, મોક્ષકલ્યાણકસૂરિ, શિષ્યખૂનીસૂરિ, નિષ્ફેટિકાચાર્ય (સુજ્ઞ વાચક, આ 'નિષ્ફેટિકા'નો અર્થ ન આવડે તો ગભરાઈશ નહીં, 'જ્ઞાની' ગુરુને પૂછી લેજે) વગેરે આચાર્યપદ ઉપર ચઢી બેઠેલાઓ તે કંઈ તીર્થંકરની બરોબરી કરતા હશે?

જૈન જ્ઞાનભંડારોમાં અમૂલ્ય પુસ્તક નજરે ચઢી જાય તો ચોર્યે છુટકો કરનારા, મજબૂર સાધ્વીને ગર્ભપાત કરવો પડે તેવી સ્થિતિમાં મૂકી આપનારા, ગરીબ સ્ત્રીને વેશ્યા બનાવી મૂકનાર સાધુ(ઓ)ને નફ્ફટાઈથી છાવરનારા, છઠ્ઠા વ્રત સહિત પાંચે મહાવ્રતોમાં પૂળો મૂકનારા, પૈસાની લેવડદેવડ કરીને શિષ્યોને ખરીદનારા વગેરે વગેરે વગેરે શાસનવિરુદ્ધ, શાસ્ત્રવિરુદ્ધ, જિનાજ્ઞાવિરુદ્ધ આચરણ કરનારા એવા આચાર્યપદધારીઓ તે કંઈ તીર્થંકરની બરોબરી કરતા હશે?

વરસીતપ કરીને ''ઉપવાસના દિવસે'' ચા પીનારા, એક ગામની બહાર નીકળતાં અને બીજું ગામ આવતાં પહેલાં એક એક કિલોમિટર ચાલનારા અને બાકીનો બધો રસ્તો મોટરકારમાં બેસીને પૂરો કરનારા, સાધર્મિકભક્તિનું ફંડ ઊભું કરીને (સહકારી બેન્કોના ચોરમેનોની જેમ) પોતાના લાગતાવળગતા જીહજૂરિયા ભક્તોમાં, શૈયાસાથી બનનાર મહિલાઓમાં અને સગાંઓમાં વહેંચી દેનારા *(સગાંઓ પણ સાધર્મિક જ હોય છે એમ તો આપણે 'ટેકનિકલી' કબૂલ કરવું જ પડે, હઁ કે!)*, 'હું મારા શિષ્યોને કદી આચાર્યપદ નહીં આપું' એમ સેંકડો લોકોની વચ્ચે જાહેરમાં પ્રતિજ્ઞા કરીને 'આજ બોલા કલ ફોક' કરીને પોતાના ચારિત્રહીન શિષ્યોને ધરાર આચાર્યપદ આપનારા, નાનાં કૂમળાં બાળકો સાથે સૃષ્ટિવિરુદ્ધ કર્મ કરનારા વગેરે વગેરે આચાર્યો તે કંઈ તીર્થંકરની બરોબરી કરતા હશે?

મોરારજીભાઈ નામ ધરાવનારા બધા કંઈ ભારતના વડાપ્રધાન ન કહેવાય. લાલબહાદુર નામ ધરાવનારા બધા કંઈ પ્રામાણિક માણસો ન હોય. મહાવીર કે વર્ધમાન નામ ધરાવનારા બધાનાં ચરણોમાં કંઈ ખમાસમણ આપીને ટૂટી જવાનું ન હોય. આંબાવાડીમાં બધા આંબા ન હોય અને ચંદનવાડીમાં મરેલાઓનાં શબ બાવળના લાકડે સળગતાં હોય! ગુલાબબાગમાં ગુલાબ સિવાય બધું જોવા મળે અને આનંદભવનમાં શોકનું માતમ પણ હોઈ શકે. ધિસ ઈઝ ધ પોઈન્ટ. આચાર્ય પદ ઉપર ચઢી બેઠેલા બધાને તીર્થંકરની બરોબર ન જ કહેવાય.

આર્યાવર્તના જ્ઞાની ચિંતકોએ ઠીક જ કહ્યું છે : *'દરેક પર્વત ઉપર માણેક ન હોય, દરેક વનમાં ચંદન ન હોય અને દરેક હાથીના મસ્તકમાં મોતી ન હોય.'* આ જ વાત આપણે આચાર્યને પણ લાગુ પાડવાની. દરેક આચાર્યમાં – ખરેખર તો મોટાભાગના આચાર્યોમાં – તીર્થંકરત્વ ન હોય. તે આચાર્યોને તો તીર્થંકરતુલ્ય ન જ કહી શકાય કે જેઓ તીર્થંકરની આજ્ઞાને પોતાના પગ નીચે મૂકીને – પગ નીચે કચડીને – ચાલે છે. મૃત્યુ મંજૂર છે, તેમનું 'તીર્થંકરત્વ' ત્રણ કાળમાંય મંજૂર નથી. પ્રિય વાચકો, તમે શું કહો છો?

# મંડોવર : પ્રાસાદના ઉદયદર્શનનો મહત્ત્વનો ભાગ

લેખાંક : ૬

■ કુ. ચૈતાલી શાહ

દેરાસરની રચનામાં આપણે જગતી તથા પીઠની વાત કરી. પીઠ ઉપરના પ્રાસાદના ઉદયને મંડોવર કહે છે. તેની ઊંચાઈ ધજા સુધી ગણવામાં આવે છે.

વિસ્તૃત મંડોવરની રચનામાં સામાન્ય રીતે ૧૨ કે ૧૩ થરો આવે છે. આ થર નીચેથી શરૂ કરતાં અનુક્રમે અર-ખુરક, કુંભક, કલશ, અંતરાલ, કેવાલ કે કપોતાલી, મંચિકા, જંઘા, ઉદગમ, ભરણિકા, શિરાવટી, મહાકેવાલ કે માલકિવાલ, અંતરાલ અને ખુટછાંધ એમ ૧૩ થાય છે. જે મંડોવરમાં ૧૨ થર હોય તેમાં શિરાવટી નથી બનાવાતી. વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે મંડોવર ૧૪૪ ભાગ, ૧૦૮ ભાગ કે ૨૭ ભાગના મંડોવરની રચના કરાઈ છે.

આ ત્રણે આંકડા ૯ તથા ૧૨ ના સમન્વયથી બનેલાં છે. ૯ એ ગાણિતિક દૃષ્ટિએ પૂર્ણ અંક છે જ્યારે ૧૨ નો અંક ૧૨ રાશિ, ૧૨ મહિના, વગેરે ઘણું વ્યકત કરે છે. ૧૨નો વર્ગ કરવાથી ૧૪૪ આવે, ૯ અને ૧૨ના ગુણાકારથી ૧૦૮ આવે, જ્યારે ૯ ને તેનાં વર્ગમૂળથી ગુણતાં ૨૭ આવે. આમ આ ત્રણે આંકનું મૂળ ૯ તથા ૧૨ છે.

મંડોવરના ત્રણ પ્રકાર વર્ણવાયા છે. ૧. સામાન્ય, ૨. નાગર તથા ૩. મેરુ. આમાંનો સામાન્ય પ્રકારનો મંડોવર પ્રમાણમાં નાના પ્રાસાદ માટે છે. જ્યારે દેરાસર ઓછી કિંમતમાં બનાવવાનું હોય ત્યારે તેનું પ્રત્યેક અંગ વિસ્તૃત ન બનાવી શકાય. તેવા સંજોગોમાં આવું સામાન્ય મંડોવર બનાવાય છે જેમાં ખુરો, કુંભક, કલશ, અંતરાલ, કપોતાલી, જંઘા, મહાકેવાલ, અંતરાલ તથા ખુટછાંધ એમ નવ થર આવે છે. તેની સરખામણીમાં નાગર મંડોવર વિસ્તૃત હોય છે. આ મંડોવર સામાન્ય રીતે ૧૦૮ કે ૧૦૪ ભાગના બનાવાય છે. વળી આ પ્રકારના મંડોવરના જંઘાહારમાં દેવ, દેવી, દેવાંગના, દિક્પાલ, મુનિલોક વગેરેનાં સ્વરૂપો કંડારાય છે.

મંડોવરનો મેરુ પ્રકાર મહાપ્રાસાદમાં પ્રયોજાય છે જેમાં મંડોવર બે અથવા ત્રણ ભૂમિના-મજલાના હોય છે. આ પ્રકારના મંડોવરમાં બે મજલે એક છાંધ બનાવાય છે. વળી તેમાં બે જંઘા કરી તેમાં દેવસ્વરૂપો કંડારવામાં આવે છે. જ્યાં માળની ફરસ આવે ત્યાં ભરણીના થર પર ફરીથી મંચિકા બનાવાય છે. જેના પર જંઘા, ઉદ્‌ગમ, ભરણી, મહાકેવાળ, અંતરાલ તથા ખુટછાંધ બનાવાય છે. આમ આ પ્રકારના મંડોવરની બે વિસ્તૃત જંઘા બને છે જેનાથી તેના માળ સૂચિત થાય છે અને તેના પર ફરીથી જંઘા બનાવી મંડોવરના ઉપરના થરો બનાવાય છે. આમ બે-ત્રણ ભૂમિના મહાપ્રાસાદનો જે મંડોવર થાય તે મેરુ મંડોવર તરીકે ઓળખાય છે. આવા મંડોવરથી સમગ્ર પ્રાસાદની શોભા નયનપ્રિય બની રહે છે. મેરુ મંડોવર તેની વિસ્તૃતતાને કારણે પ્રાસાદની દૃશ્ય-અનુભૂતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

મંડોવરની રચના તથા પ્રાસાદના મંડપમાં આવેલ સ્તંભની રચના વચ્ચે સાતત્ય હોવું જરૂરી છે. એનો અર્થ એ નહીં કે મંડોવર જે પ્રમાણે અને જેવા થરો થકી બનાવાય તે જ પ્રમાણે અને તેવા જ થરોથી સ્તંભની રચના કરાય. પ્રાસાદના પ્રત્યેક ભાગનાં પ્રમાણમાપ પાછળનો મુખ્ય તર્ક ચોક્કસ પ્રકારની દૃશ્ય-અનુભૂતિ ઉત્પન્ન કરવાનો છે. તેથી પ્રાસાદના પ્રત્યેક અંગનાં પ્રમાણરૂપ શાસ્ત્રીય રીતે નિર્ધારિત થયાં છે અને આવા નિર્ધારણ પાછળ ચોક્કસ તર્ક હોય છે. જે પ્રકારની દૃશ્ય-અનુભૂતિ મંડોવર દ્વારા સર્જવાની હોય છે તેવી જ અનુભૂતિ સ્તંભ દ્વારા નથી સર્જવાની હોતી, કારણ કે મંડોવર એક દિવાલ છે જે બહારના તથા અંદરના ભાગને સચોટ રીતે નિર્ધારિત કરે છે, જ્યારે સ્તંભ એ મંડપના અંદરના ભાગમાં એક બિંદુ પર આવેલ માળખાકીય અંગ છે. આવી ભિન્નતા છતાં તે બંને વચ્ચે સાતત્ય જરૂરી છે, કેમ કે સામાન્ય પ્રકારના મંડોવરવાળા પ્રાસાદના મંડપમાં મેરુ પ્રકારનો સ્તંભ યોગ્ય ન જ જણાય.

મંડોવર થકી સમગ્ર પ્રાસાદને ઊંચાઈ મળતી હોવાથી તેની દૃશ્ય-અનુભૂતિ તથા તેમાં થતી પ્રતીકાત્મક રજૂઆત મહત્ત્વની ગણાય છે. વળી રોજિંદી આવનજાવનમાં પણ મંડોવર નયન સ્તરે આવેલ હોવાથી તે ખાસ નજરે ચઢે. એમ બની શકે કે પીઠ કે જગતીની કોતરણી નજરે ન ચડે પણ મંડોવર પર તો સહજમાં જ નજર પડે છે, અને તેથી તેની રચનામાં શાસ્ત્રીય પ્રમાણમાપ વપરાય તે જરૂરી છે.



*આને ભવ્ય કહીશું કે દિવ્ય? ભારતીય શિલ્પકળાનું એક અણમોલ નજરાણું*

# શિલ્પી પત્થરને ભગવાન બનાવે ગુરુ શિષ્યને ભગવાન બનાવે

- પૂજનીય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે ઉત્તરાધ્યયન સૂત્ર પર કરેલાં પ્રવચનોનો એક અંશ

ગુરુ અને શિલ્પીમાં શો ફરક છે? હું ઘણીવાર વિચાર કરૂં છું. મને દરેક વખતે લાગ્યું છે કે ગુરુ અને શિલ્પીમાં કંઈ ફરક નથી.

ગુરુ શિષ્યનું ઘડતર કરે છે. શિલ્પી પત્થરનું ઘડતર કરે છે.

ગુરુની નજર શિષ્યના આંતરજગતમાં હોય છે – ત્યાં કે જયાં શિષ્યનું પરમાત્મસ્વરૂપ અપ્રગટપણે પડ્યું છે.

શિલ્પીની નજર પત્થરના આંતરજગતમાં હોય છે – ત્યાં કે જયાં પત્થરમાં પરમાત્મસ્વરૂપ અપ્રગટપણે પડ્યું છે.

ગુરુ શિષ્યને પરમાત્મા બનાવે છે. શિલ્પી પત્થરને પરમાત્મા બનાવે છે.

શિષ્યમાં ઢંકાઈ ગયેલા પરમાત્મતત્ત્વનું પ્રગટીકરણ કરવાની જવાબદારી ગુરુની હોય છે. પત્થરમાં ઢંકાઈ ગયેલ પરમાત્મ-તત્ત્વનું પ્રગટીકરણ કરવાની જવાબદારી શિલ્પીની હોય છે.

આપણા દેશમાં હજારો મૂર્તિઓ છે. આ બધી મૂર્તિઓને જઈને પૂછો કે આજે તમે ભગવાન બની ગયા એ કોને આભારી છે? પત્થરમાંથી પણ ભગવાન નિર્માણ કરવાની તાકાત શિલ્પીમાં છે.

આ જ વાત ગુરુ મહારાજને લાગુ પડે છે. આ દુનિયામાં જેટલા લોકો પરમતત્ત્વને ઉપલબ્ધ થઈ ગયા છે તે બધાને પૂછો કે તમારા પરમતત્ત્વના પ્રગટીકરણમાં કોનું યોગદાન છે? ગુરુનું જ.

પત્થરમાંથી ભગવાન કઈ રીતે બને છે? શિલ્પી પત્થર ઉપર ટાંકણાં મારીને તેની બધી ખરાબીઓને દૂર કરે છે, પછી જે બાકી રહી જાય છે તે ભગવાન હોય છે. જે પત્થર શિલ્પીનાં ટાંકણાંનો માર ખાવા રાજી નથી તેમાં ભગવાન પ્રગટ થતા નથી. ગુજરાતીમાં સરસ કહેવત છે : માલ ખાવો હોય તેણે માર પણ ખાવો પડે. અથવા જે માર ખાય તેને માલ મળે. જે પત્થર શિલ્પીના હાથનો માર ખાવા રાજી ન હોય તેમાં ભગવાન પ્રગટ થતા નથી. તે પત્થરનો ઉપયોગ છેવટે પગથિયાં બનાવવા કરવો પડે છે. જે શિષ્ય ગુરુ પ્રત્યે સમર્પિત બનતો નથી તેમાં ભગવત્તા પ્રગટ થતી નથી. સમર્પણ વગરના શિષ્યનું કલ્યાણ નથી.

જે સેવા કરે છે તેને મેવા મળે છે. લોકોને મેવામાં જ રસ હોય છે, સેવામાં રસ નથી હોતો. લોકોને માલમાં જ રસ હોય છે, મારમાં રસ નથી હોતો. સહન કરવાની જ્યાં પણ વાત આવે છે ત્યાં આપણી તૈયારી નથી હોતી.

હવે જુઓ મજાની વાત. જે પત્થર શિલ્પીના હાથનો માર ખાવા રાજી નથી તેને પગથિયામાં જડાવું પડે છે. પરંતુ જેનું સ્થાન પગથિયામાં છે તેવા પત્થરને પણ માર તો ખાવો જ પડે છે! પગથિયામાં સ્થાન પામવા માટે પણ તેણે સહન તો કરવું જ પડે છે! ગુરુને સમર્પિત બન્યા વિના જે મહાન બનવા નીકળે છે તેણે લોકોનો માર ખાવો પડે છે.

ભગવાન બનવા તૈયાર હોય તેવા પત્થરને તેની ખરાબીઓ બહાર આવી જાય ત્યાં સુધી જ માર ખાવો પડે છે. પછી તો તેની જીવનભર પૂજા જ થાય છે. ભગવાન બની ગયેલો પત્થર લાખો વરસ સુધી પૂજાયા કરે છે. ભગવાન ન બનેલા પત્થરને ન જાણે કેટલાંયે નામો બદલવાં પડે છે. ક્યારેક તેને પગથિયું બનવું પડે છે, ક્યારેક તેને ઘંટી બનવું પડે છે, ક્યારેક તેને દિવાલમાં જડાવું પડે છે, ક્યારેક તેને થાંભલો બનવું પડે છે. ગુરુને સમર્પણ વિનાના શિષ્યની આ જ હાલત થાય છે.

જે પત્થરમાંથી મૂર્તિ બની જાય તેને પછી બીજું કંઈ બનવાનું રહેતું નથી. ભગવાન બની ગયેલા પત્થરનું નામ કદી બદલાતું નથી.

શાણો શિષ્ય એ વાત બરાબર સમજે છે કે અહીં જે કાંઇ પણ થશે તે મારા હિતમાં જ થશે, મારા ભલા માટે થશે. એ માટે એ શિષ્ય ટાંકણાનો માર ખાવા માટે તૈયાર હોય છે. કારણ કે એને ખબર છે કે હું એક પાષાણ જેવો છું, મારૂં જીવન પત્થર જેવું છે અને મને જે ગુરુ ભગવંત મળ્યા છે એ શિલ્પી જેવા છે અને આ શિલ્પીએ મારા જીવનનું ઘડતર કરવાનું છે. એ કાર્ય માટે શિષ્ય પોતાની જાતને ગુરુચરણે સોંપી દે છે. શિલ્પીના ટાંકણાનો માર ખાવા માટે તૈયાર ન થયેલો પત્થર જ્યારે પગથિયું બની જાય છે ત્યારે તેનું અપમાન થાય છે. એ પગથિયા ઉપર લોકો પોતાનાં જૂતાં ઊતારે છે.

શા માટે? કારણ કે એણે ભગવાન બનવાની ના પાડી હતી. જુઓ ખૂબીની વાત. પગથિયામાં જડાવા માટે પણ એણે માર તો ખાવો જ પડે છે. એ માર ખાવામાંથી તો બચી શકે નહીં જ!

મેં સાંભળ્યું છે : એક માણસને સજા થઈ. સો ફટકા ખાવાની સજા. એ માણસે રાજાને વિનંતી કરી કે સાહેબ, આટલું બધું તો મારૂં ગજું નથી. તમે મને સો ફટકા મારશો, હું તો પૂરો થઈ જઈશ. રાજા કહે કાંઈ વાંધો નહીં, જા તને સો કાંદા ખાવાની સજા કરીએ છીએ. સો કાંદા ખાઈ જવાના. બસ. પેલો કહે કે આ પણ ન બને. સો કાંદા તો કેમ કરીને ખવાય? કાંદા કપાતા હોય આંખની સામે તોય આંખમાં પાણી આવી જાય છે. સો કાંદા તો કેવી રીતે ખવાય? ના ના, એની કરતાં તો ફટકા બરોબર છે. એટલે ફટકા મારવાનું ચાલુ થયું. પંદર વીસ ફટકા થયા એટલે પેલો કહે કે આ તો સહન નથી થતું. એના કરતાં તો કાંદા ખાવાનું પસંદ કરીશ. રાજા કહે કે કંઈ વાંધો નહીં. તારી ખુશી. પંદર વીસ કાંદા ખાધા પછી પાછું એમ થયું કે આ તો નથી પોસાતું. આગ લાગી આખા શરીરમાં. રાજા કહે કે કંઈ વાંધો નહીં. ફટકા ખા. પરિણામ એ આવ્યું કે ફટકા પણ ખાવા પડ્યા અને કાંદા પણ ખાવા પડ્યા. બમણી સજા ભોગવવી પડી.

મૂર્તિ માટેનો જે પત્થર છે અને પગથિયા માટેનો જે પત્થર છે એ બન્નેને માર તો ખાવો જ પડે છે. અને જેણે રાજીખુશીથી માર ખાધો છે, જેણે શિલ્પીને પોતાનું જીવન સોંપી દીધું છે કે લો ભાઈ, તમારે જેમ કરવું હોય એમ કરો. અને એનું પરિણામ એ આવે છે કે હજારો લોકો એ પત્થરને ભગવાન માનીને પૂજે છે.

એ શિષ્યનું સૌભાગ્ય છે જે ગુરુચરણે સમર્પિત બનીને ભગવાન બનવા તૈયાર થાય છે. ગુરુને યોગ્ય લાગે તે રસ્તે તેને ભગવાન બનાવે. શિલ્પીને યોગ્ય લાગે તે રીતે પત્થરમાંથી પ્રભુ બનાવે. ભગવાન બની ગયા પછી માર નથી ખાવો પડતો. ચાહે શિષ્ય હોય ચાહે પત્થર.

*ભગવાન બની ગયેલો પત્થર લાખો વરસ સુધી પૂજાયા કરે છે. ભગવાન ન બનેલો પત્થર આમ તેમ અથડાયા કરે છે.*

# જય જિનેન્દ્રની પાઠશાળા

'જય જિનેન્દ્રની પાઠશાળા'માં ઑક્ટોબર માસના અંકમાં પાઠશાળાનાં બાળકો માટે પૂછાયેલા ઇનામી સવાલોના સાચા જવાબો.

**સવાલ ૧.** અપાપાપુરી

**સવાલ ૨.** ભગવાન મહાવીર માતાના ગર્ભમાં આવ્યા પછી તેમના પરિવારમાં ધન, ધાન્ય, સંપત્તિ, કીર્તિ વગેરેનો વધારો થવા માંડ્યો હતો તેથી માતા-પિતાએ તેમનું નામ વર્ધમાન પાડ્યું હતું.

**સવાલ ૩.** કેશી ગણધર મહારાજ

**સવાલ ૪.** ધન્ના અણગાર

**સવાલ ૫.** જયેષ્ઠા

**સવાલ ૬.** ભગવાન મહાવીરને થયેલા ઉપસર્ગોનાં સ્થળો : **૧.** ગોવાળિયાનો ઉપસર્ગ (૧) કુમારગ્રામમાં, **૨.** ગોવાળિયાનો ઉપસર્ગ (૨) છમ્માણી ગામમાં, **૩.** ચંડકોશિયાનો ઉપસર્ગ શ્વેતાંબિકા નગરીની નજીકના વનમાં આવેલા કનકખલ તાપસના આશ્રમમાં, **૪.** કઠપૂતના વ્યંતરીનો ઉપસર્ગ શાલિશીર્ષ ગામમાં અને **૫.** ગોશાળા દ્વારા મૂકાયેલી તેજોલેશ્યાનો ઉપસર્ગ શ્રાવસ્તી નગરીમાં.

**સવાલ ૭.** કૌશાંબી નગરી

**સવાલ ૮.** ગૌતમસ્વામી. કારણ : ગૌતમસ્વામીને ભગવાન મહાવીર ઉપર પુષ્કળ રાગ હતો તેમ છતાં ભગવાને તેમને પોતાના જીવનની છેલ્લી પળોમાં પોતાનાથી દૂર રાખ્યા હતા.

જુદાં જુદાં બાળકોએ જુદા જુદા જવાબો મોકલ્યા છે. બાળકોએ મોકલેલા ઉત્તરોમાં કોઈના ચાર, કોઈના પાંચ, તો કોઈના છ જવાબો સાચા હતા. તમામ આઠે આઠ સવાલોના સાચા જવાબો કોઈ તરફથી મળ્યા નથી. નવમા સવાલનો ઉત્તર નિબંધરૂપે મોકલવાનો હતો, જેમાં ભદ્રવન પાઠશાળા (ફતેપુરા, પાલડી)ના વિદ્યાર્થી યશ વી. શાહનો નિબંધ નોંધપાત્ર હતો. તે કેટલાક અનિવાર્ય ફેરફાર સાથે અહીં આપવામાં આવે છે.

**સવાલ ૯.** ***'ભ. મહાવીરના જીવનનો આ પ્રસંગ મને ખૂબ ગમે છે કારણ કે.....'***

પ્રભુ મહાવીરે ચાતુર્માસ પછી અસ્થિગામથી વિહાર કર્યો અને તેઓ મોરાક સન્નિવેશમાં પધાર્યા. એકાંત સ્થાન જોઈને તેઓ ત્યાં ધ્યાનસ્થ થઈ ગયા.

ભગવાનની સાધનાથી પ્રભાવિત થયેલા ત્યાંના લોકો પ્રભુ પ્રત્યે ભક્તિભાવ રાખવા લાગ્યા.

તે ગામમાં એક અચ્છંદક નામનો જોષી રહેતો હતો. તેનો તે ગામમાં ઠીક ઠીક પ્રભાવ હતો. કેટલાંક કારણોસર તે ગામમાં તેનો અનાદર થયો. તેને વિચાર આવ્યો કે આ પ્રભુ મહાવીર જો વધારે સમય આ ગામમાં રોકાશે તો મારી રોજી રોટી બંધ થઈ જશે. તેણે ભગવાન પાસે જઈને વિનંતી કરી કે 'હે પ્રભુ, આપ તો જ્યાં જશો ત્યાં પૂજાશો પરંતુ મારે તો આ ગામમાં રહીને જ ગુજારો કરવાનો છે.'

કરુણાના અવતાર એવા પ્રભુ તેની વાતથી પીગળી ગયા. તેમની તો પ્રતિજ્ઞા હતી કે મારી ઉપર કોઈને અપ્રીતિ થાય તેવા સ્થાનમાં મારે રહેવું નહીં. આથી પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા. આમ થવાથી તે જોષીની આજીવિકા સચવાઈ ગઈ.

ભગવાન મહાવીર ખૂબ કરુણાવાન હતા. તેમની કરુણાનું દર્શન કરાવતો આ પ્રસંગ મને ખૂબ ગમે છે.

યશને જય જિનેન્દ્ર તરફથી અભિનંદન. યશ પોતાના પત્રમાં લખે છે કે તે નિયમિત પાઠશાળાએ જાય છે.

## આ અંકના સવાલો

પ્રિય બાળદોસ્તો,

છેલ્લા બે માસથી અમે પાઠશાળા આપી શક્યા નહોતા. ડિસેમ્બર, ૨૦૦૩ના અંકમાં અમારે જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલી પરીક્ષાનાં પરિણામો જાહેર કરવાનાં હતાં તેથી તે અંકમાં અમે પાઠશાળાનો સમાવેશ કરી શક્યા નહીં. એ પહેલાં બાળદીક્ષા અંગે અચાનક ઉપસ્થિત થયેલ પ્રશ્ન અંગે લખાયેલા લેખના કારણે નવેમ્બર માસના અંકની મોટા ભાગની જગ્યા રોકાઈ ગઈ તેથી તે અંકમાં પણ અમે પાઠશાળા આપી શક્યા નહીં. અનેક વાચક મિત્રો તરફથી અમને આ અંગે પત્રો મળ્યા છે. અમે જય જિનેન્દ્રમાં પાઠશાળા નિયમિત રીતે આપી શકીએ તે માટેના પૂરતા પ્રયત્નો કરીશું.

ઑક્ટોબર માસના જય જિનેન્દ્રમાં અમે બાળકોને ભગવાન મહાવીરના જીવન સંબંધી કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા તેના અમને ઘણાં બાળકો તરફથી ઉત્તરો મળ્યા છે, પરંતુ તેમાં પૂરેપૂરા સાચા જવાબો કોઈના નહોતા.

આ અંકમાં અમે આપની સમક્ષ કેટલાક સવાલો રજૂ કરીએ છીએ તેના ઉત્તરો અમને ૩૦ જાન્યુઆરી સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપશો.

તમારી પાઠશાળામાં તમારા ધાર્મિક શિક્ષક તમને સૂત્ર અને તેના અર્થનું જ્ઞાન આપવા સાથે તમને નવી નવી વાર્તાઓ પણ કહેતા જ હશે ખરૂં ને? તો આજે આપણે આપણી ઐતિહાસિક વાર્તાઓમાંથી કેટલાક સવાલોની મજા લઈશું.

આ અંકના સવાલો :

**૧.** પ્રસન્નચંદ્ર મુનિ કયા નગરના રહેવાસી હતા?

**૨.** પ્રસન્નચંદ્ર મુનિ કોના શિષ્ય હતા?

**૩.** કયા રાજાએ પ્રસન્નચંદ્ર મુનિના તપથી પ્રભાવિત થઈને ભગવાન મહાવીરને તેમની બાબતમાં સવાલો પૂછ્યા?

**૪.** પ્રસન્નચંદ્ર મુનિ પોતાના કાળધર્મ પછી ક્યાં ગયા?

**૫.** પ્રસન્નચંદ્ર મુનિને 'રાજર્ષિ' શાથી કહેવામાં આવતા હતા?

પ્રિય બાળદોસ્તો, આ પાંચે પ્રશ્નોના સાચા ઉત્તરો જય જિનેન્દ્રને મોકલી આપશો. અને હા, તમે તમારા પત્રમાં તમારી પાઠશાળાનું નામ લખવાનું ભૂલશો નહીં. જો તમે પાઠશાળા ન જતા હો તો પત્રમાં તેનું કારણ ખાસ લખશો. તમે અમને પત્ર લખો ત્યારે તમારો જન્મ દિવસ લખવાનું પણ ભૂલશો નહીં. પત્રમાં તમે એ પણ જણાવશો કે તમે કયા ધોરણમાં ભણો છો.

જે બાળકને પોતાના સાચા જવાબો સાથે પોતાનો ફોટો પણ જય જિનેન્દ્રમાં છપાય તેવી ઇચ્છા હોય તે પોતાનો સુંદર ફોટો પણ અમને મોકલી શકે છે. હા, તમારો ફોટો જય જિનેન્દ્રમાં છપાય તે માટે તમારે અઠવાડિયામાં ઓછામાં ઓછું ચાર દિવસ પાઠશાળાએ જવું જરૂરી છે. અમારૂં સરનામું તો તમારી પાસે છે ને? ન હોય કે ખોવાઈ ગયું હોય તો તમારી નોટમાં લખી લેશો :

જય જિનેન્દ્ર કાર્યાલય

એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ - ૫૧.

# ‘દાદીમાંની વાતો’

## પ્રામાણિકતાની સાક્ષાત મૂર્તિ જેવા

## શેઠ ખીમચંદભાઈ

મોતીશા શેઠના નામથી આપ સૌ પરિચિત છો. તેમનો વ્યાપાર દુનિયાભરમાં ચાલતો હતો. તેમનાં વહાણો આખી દુનિયાના દરિયા ખૂંદી વળતાં હતાં. મુંબઈમાં સૌથી પહેલી પાંજરાપોળ સ્થાપવાનું શ્રેય તેમના ફાળે જાય છે. શત્રુંજય તીર્થ ઉપર મોતીશા શેઠે બનાવેલી ભવ્ય ટૂંક આજે પણ તેમની દાનવીરતાનાં ગાણાં ગાતી ઊભી છે.

મોતીશાની ચિરવિદાય પછી તેમના સુપુત્ર ખીમચંદભાઈના જીવનમાં કોઈક કારણસર અચાનક મુશ્કેલીઓ આવી. વ્યાપારમાં નુકસાન થયું. તેમની પેઢી કાચી પડી.

તે સમયની અંગ્રેજ સરકાર પાસે ખીમચંદભાઈનો કેસ પહોંચ્યો. સરકારે બધી જ સંપત્તિનો હિસાબ માગ્યો. ‘શાણા’ માણસોએ ખીમચંદભાઈને સલાહ આપી : ‘જોજો બધી સંપત્તિ બતાવી દેતા નહીં. નહીં તો સરકાર તમને ક્યાંયની નહીં રહેવા દે.’ પરંતુ મોતીશા શેઠનું લોહી જેમની નસોમાં વહેતું હોય એવા ખીમચંદભાઈ આવી સલાહ માને ખરા?

ખીમચંદભાઈએ પોતાની સંપત્તિની રજેરજની વિગતો સરકાર સામે રજૂ કરી. અંગ્રેજ ન્યાયમૂર્તિ પણ વિચારમાં પડી ગયા. તેમના મોંમાંથી પણ નીકળી ગયું : ‘આવો પ્રામાણિક વેપારી મેં મારી કારકીર્દીમાં જોયો નથી.’ સંપત્તિની ઝીણામાં ઝીણી વિગતો સરકાર પાસે રજૂ કરીને ઘરે ગયેલા ખીમચંદભાઈ એકાએક પાછા આવ્યા. તેમણે ન્યાયમૂર્તિને કહ્યું : ‘મારે એક ભૂલની માફી માગવાની છે. હું ઘરે ગયો તે પછી મારા કાન ઉપર હાથ જતાં મને ખ્યાલ આવ્યો કે મારા કાનમાં પહેરેલી વાળી કે જેમાં નીલમ, હીરા અને મોતી જડેલાં છે તે નોંધાવવાની રહી ગઈ છે.’ અંગ્રેજ ન્યાયમૂર્તિ તો આ સાંભળીને થીજી જ ગયા.

દુનિયાને તે દિવસે ખીમચંદ શેઠની સચ્ચાઈ, નીતિ અને પ્રામાણિકતાનાં દર્શન થયાં. તે દિવસથી કહેવત પડી કે મોતીશા જેવા પિતા તો મળી જાય પરંતુ ખીમચંદભાઈ જેવા પુત્ર મળવા મુશ્કેલ છે.

*શ્રીમતી વીરબાળાબેન શાહ*
*(અમદાવાદ)*

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન

જૈન વાઙ્મય ખૂબ વિશાળ છે. અગાધ દરિયા જેટલું આ વાઙ્મય અનેક શાખા પ્રશાખાઓમાં વિભાજિત છે. આધુનિક યુગમાં અનેક કારણોસર જૈનો જૈન વાઙ્મયના આસ્વાદથી વિમુખ થઈ ગયા છે. રુચિનો અભાવ, યોગ્ય માર્ગદર્શનનો અભાવ, કેવલ વ્યાપારપ્રીતિ, અસંગત બહાનાંબાજી, ભૂલાતો જતો જ્ઞાનમાર્ગ, ગોખણિયું જ્ઞાન આપીને છૂટી જતી પાઠશાળાઓ વગેરે કારણોસર જૈન વાઙ્મયના પરિચયથી દૂર થઈ ગયેલા અને દૂર થઈ રહેલા જૈનો ઘણીવાર પોતાના ધર્મની જ સાચી બાબતોથી અજાણ રહે છે.

આ સમસ્યાના નિરાકરણ માટે *જય જિનેન્દ્ર* તેના વાચકો માટે એક નજરાણું લઈને આવ્યું છે. અહીં જૈન ધર્મ અને જૈન દર્શનથી સંબંધિત શબ્દોનો પરિચય કરાવવાનો એક પ્રયાસ કરવામાં આવશે. અહીં આપેલા શબ્દો જૈન વાઙ્મયમાં ક્યાંક ને ક્યાંક વિખરાયેલા પડ્યા છે.

‘શુભસ્ય શીઘ્રં’ એ ન્યાયે આ અંકથી જ એની શરૂઆત થઈ રહી છે.

*પણ ભૈસા’બ પહેલાં વાઙ્મય એટલે શું? એ તો સમજાવી દો! નહીં તો અમે તો પહેલેથી જ ગૂંચવાઈ જઈશું !* અરે હા, એ વાત ખરી. તો સમજી લો કે વાઙ્મય એટલે સાહિત્ય. બસ હવે તો રાજી ને! હવે પાછા સાહિત્યનો અર્થ ના પૂછશો. નહીં તો ગૂંચવાઈ જવાનું તમારા બદલે અમારા ફાળે આવી જશે! તો ચાલો આજે શરૂ કરીએ કેટલાક પરંપરાગત અને જાણીતા શબ્દોથી. અમારો પ્રયત્ન એવો રહેશે કે અઘરામાં અઘરા શબ્દોને વાચકો આજની ભાષામાં સમજી શકે.

### ~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~

**જિન**=રાગાદિ દૂષણો ઉપર વિજય મેળવનાર, રાગાદિ દૂષણોથી મુક્ત, તીર્થંકર.

**જૈન**[૧]=જિન દ્વારા કહેવાયેલું, જિન દ્વારા પ્રવર્તાવાયેલું, જિન સંબંધી, જૈન ધર્મ સંબંધી, જૈન ધર્મને લગતું.

**જૈન**[૨]=જિનનો અનુયાયી, જિનની આજ્ઞા પાળનાર.

**અરિહંત**=જેણે પૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરી લીધી હોય તે. જેમનાં સમગ્ર દૂષણો નષ્ટ થઈ ગયાં હોય તે, જિન, તીર્થંકર.

**તીર્થંકર**=તીર્થના સ્થાપક, મોક્ષમાર્ગના સ્થાપક.

**તીર્થ**[૧]=આત્મકલ્યાણનો માર્ગ, મોક્ષમાર્ગ, ચતુર્વિધ સંઘ, જૈન પ્રવચન, શાસન.

**તીર્થ**[૨]=તીર્થંકરની કલ્યાણકભૂમિ, તીર્થંકરનું પ્રાચીન મંદિર હોય તેવું સ્થાન, પવિત્ર ભૂમિ, આત્મકલ્યાણમાં સહાયક બને તેવું સ્થળ.

**વીતરાગ**[૧]=રાગ-દ્વેષથી સંપૂર્ણપણે મુક્ત બનેલ હોય તે (જેનો રાગ નાબૂદ થયો હોય તેનો દ્વેષ પણ નાબૂદ થયેલો જ હોય એમ સમજવું).

**વીતરાગ**[૨]=જિન, તીર્થંકર, અરિહંત.

**સિદ્ધ**=આઠે કર્મોથી મુક્ત એવો આત્મા, જેનાં જન્મ-મરણ બંધ પડી ગયાં હોય તેવો આત્મા, જેને હવે સંસારમાં કદી પાછા ફરવાપણું નથી તેવો આત્મા.

**મોક્ષ**=આઠે કર્મોમાંથી કાયમી છુટકારો, જન્મ-મરણ કરવાં ન પડે એવી અવસ્થા, હવે સંસારમાં કદી પાછા ફરવાપણું નથી એવી સ્થિતિ, આત્માના મૂળ સ્વરૂપની પ્રાપ્તિ.

**નિર્વાણ**=ઉપર મુજબ.

**મુક્તિ**=ઉપર મુજબ.

**સિદ્ધિ**=ઉપર મુજબ

**કર્મ**=આત્માના મોક્ષને રોકી રાખનારૂં, આત્માના મૂળ સ્વરૂપને ઢાંકી દેનારૂં અને આત્માને સંસારમાં પરિભ્રમણ કરાવતું એક મહત્ત્વનું પરિબળ.

*નોંધ : ઉપર આઠ કર્મોનો ઉલ્લેખ આવ્યો છે તે આઠ કર્મો આ પ્રમાણે છે : ૧. જ્ઞાનાવરણીય કર્મ, ૨. દર્શનાવરણીય કર્મ, ૩. વેદનીય કર્મ, ૪. મોહનીય કર્મ, ૫. આયુષ્ય કર્મ, ૬. નામ કર્મ, ૭. ગોત્ર કર્મ અને ૮. અંતરાય કર્મ. આ કર્મોની વિશેષ સમજૂતી આ જ વિભાગમાં આવતા અંકમાં આપવામાં આવશે.*

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન

## જૈન થિયરીને સમજો અને ગેરસમજ ટાળો

‘ભગવાનને ગમ્યું તે ખરૂં,’ ‘ભગવાનની મરજી,’ ‘પ્રભુની ઇચ્છા વિના તો પાંદડું યે ન હાલે,’ ‘રામ રાખે તેમ રહીએ’ વગેરે માન્યતાઓ જૈન થિયરીમાં નથી. માટે સમજદાર જૈનોએ આવા ભાષાપ્રયોગો ન કરવા જોઈએ. ઘણા જૈન મુનિઓ પણ પાટ ઉપરથી *ભગવાન જગતના સંચાલક હોય* એવા અર્થવાળું આ પ્રકારનું નિરૂપણ કરતા હોય છે જે યોગ્ય ન ગણાય. જિનધર્મના મૌલિક સિદ્ધાંતોને સમજ્યા પછી જ પ્રવચનો કરવાં કલ્યાણકારી બની શકે.

એક વાત બરાબર યાદ રાખો કે આપણી કોઈ પણ પ્રવૃત્તિ માટે ભગવાન કોઈ પણ રીતે જવાબદાર નથી. આપણા જીવનમાં જે કંઈ પણ સારૂં કે નરસું બને તેમાં સંપૂર્ણ જવાબદારી આપણી અને માત્ર આપણી જ છે.
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~



**શરતો, નિયમો અને સૂચનાઓ :** એક વ્યક્તિ ગમે તેટલી એન્ટ્રી મોકલી શકે છે, પરંતુ દરેક એન્ટ્રી સાથે જય જિનેન્દ્રમાં છપાયેલી કૂપન હોવી જરૂરી છે. ઝેરોક્સ કરીને મોકલેલી એન્ટ્રી રદબાતલ કરવામાં આવશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● તમારી એન્ટ્રી અમને તારીખ ૩૦.૧.૨૦૦૪ સુધી મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઇનામોની જાહેરાત માર્ચ, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૨ લખવું જરૂરી છે. ● અપૂરતી ટિકિટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

**આડી ચાવી**

૧. મોક્ષ, શ્રેષ્ઠ પદવી (૫)
૪. આચરણ સંબંધી સ્ખલના, દોષ (૪)
૬. આસક્તિ, વ્યક્તિ કે પદાર્થ પ્રત્યે પ્રીતિ (૨)
૭. વધારે, વધુ, હદ બહાર (૨)
૮. દસમા દેવલોકનું નામ (૫)
૧૦. આઠ મૂળ કર્મ પૈકીનું એક (૨)
૧૧. મારૂં, મારૂં પોતાનું (૧)
૧૨. પ્રખ્યાત (૩)
૧૪. મોક્ષ પામવાની યોગ્યતા વિનાનું, કદી મોક્ષે નહીં જનાર (૩)
૧૫. રાગનો અભાવ, ત્યાગ સાથે 'આ' પણ જોઈએ (૩)
૧૭. આજ્ઞાના સ્વીકાર માટે કરાતો વાણીપ્રયોગ (૩)
૨૦. પવન (૨)
૨૧. ચૈત્યવંદનમાં 'આ' મુદ્રાનો ઉપયોગ થાય (૪)
૨૨. કવિ ધનપાલને યાદ કરીએ તો રાજા ....ને પણ યાદ કરવા જ પડે ને! (૨)
૨૪. એક ભાવિ તીર્થંકર (૩)
૨૫. ........ નિરાકાર, સિદ્ધ ભગવાન માટે વપરાતું વિશેષણ. (૪)
૨૬. મન સમજીને ........ પામે સુખ ખાસાં રે (૪)
૨૭. એક પદાર્થમાં અનેક ગુણધર્મો હોય છે તેવું સમજાવતી વિચારધારા (૨)
૨૮. વર્તમાન ચોવીસીના એક તીર્થંકર (૩)
૨૯. અવશ્યંભાવી બનાવ, ભાવિભાવ, અટકાવી ન શકાય તેવી ઘટના (૩)

**ઊભી ચાવી**

૧. આરાધના માટેનો દિવસ (૨)
૨. મૃત્યુની મીમાંસા કરતો એક પ્રાચીન જૈન ગ્રંથ (૬)
૩. પડેલું, જેનું પતન થયું હોય તેવું (૩)
૪. ઈરિયાવહીથી કેવળ પામ્યા ........મુક્ત મુનિ (૨)
૫. આચરણ, રત્નત્રયીમાંનું એક (૩)
૭. ........ શ્રુતવતાં પરિહાસધામ (૪)
૯. કાવ્યની રચના કરનાર (૨)
૧૩. નસીબ (૨)
૧૪. ........ કિત્તિં સુવિત્થડં ભુવણે (૩)
૧૬. જૈન થઈને પણ શું તમે 'આ' કરો છો? ના... ના... હવે ના કરશો (૫)
૧૭. પન્નટ્ઠી ........ ચેવ ચાલીસા (૩)
૧૮. નવ સ્મરણોમાં આવતું એક સ્મરણ (૪)
૧૯. શત્રુંજય તીર્થનું એક નામ (૫)
૨૧. મુહપત્તી શબ્દનું અપભ્રંશ સ્વરૂપ (૩)
૨૩. પ્રાચ્યેવ દિગ્ ........ સ્ફુરદંશુજાલમ્ (૪)
૨૪. મર્યાદા, પાંચ જ્ઞાન પૈકીનું એક (૩)
૨૬. ........ જીવો તો ક્યારેક ને ક્યારેક મુક્તિ પામવાના જ (૨)

**દર અંકે નવી નવી સ્પર્ધામાં ભાગ લેતા રહો અને દર અંકે આકર્ષક ઇનામો જીતતા રહો.**
**આજે જ જય જિનેન્દ્રના સભ્ય બની જાઓ. એક વર્ષનું લવાજમ ૧૦૦ રૂપિયા.**

**આ ઈનામ તમારી રાહ જુએ છે.**
જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૨ના વિજેતાને મળશે આકર્ષક નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ રૂપિયાના મૂલ્યનું ગોલ્ડપ્લેટેડ મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર તદ્દન ફ્રી (યંત્રનું મૂલ્ય ૧૫૦૦ રૂપિયા, ફ્રેમનું મૂલ્ય ૩૦૦ રૂપિયા). યંત્ર અને ફ્રેમ જોતાં જ આપ 'વાહ વાહ' અને આફ્રીન પોકારી ઊઠશો !

● તમારી એન્ટ્રી આજે જ મોકલી આપો . . .

નામ ____________________
સરનામું ____________________
____________________
ગામ ____________________ પિનકોડ નંબર ____________
તાલુકો ____________________ જિલ્લો ____________
ફોન નંબર ____________________
ઈ-મેઈલ ____________________

## જૈનાચાર્યનો પાલિતાણા તરફ વિહાર

પૂજનીય આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના પટ્ટધર પૂ. આચાર્ય શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મહારાજ આદિ પોતાનું મુંબઈ ખાતેનું યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરીને પાલિતાણા તરફ વિહાર કરી રહ્યા છે. તેઓશ્રી જાન્યુઆરીના પહેલા કે બીજા અઠવાડિયામાં પાલિતાણા પહોંચવા સંભવ છે. પૂજનીય આચાર્યશ્રી આદિ પરિવારનું આગામી ચાતુર્માસ પાલિતાણા થનાર છે.

## કર્ણાટકના જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો

કર્ણાટક સરકારે જાહેર કર્યું છે કે જૈનોના સમગ્ર વર્ગોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપવામાં આવશે. અત્યાર સુધી કર્ણાટકમાં માત્ર દિગંબર જૈનોને જ ધાર્મિક લઘુમતી તરીકે માન્ય રાખવામાં આવતા હતા. તાજેતરમાં રાજ્ય સરકારે પોતાના કાયદામાં સુધારો કરીને શ્વેતાંબર જૈનોને પણ તેમાં સમાવી લેવાનું જાહેર કર્યું છે. આ સુધારાથી શ્વેતાંબર જૈનોના મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને તેરાપંથી વર્ગને પણ હવે ધાર્મિક લઘુમતીનો દરજ્જો મળશે.

આ સાથે જ જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપનારાં રાજ્યોમાં કર્ણાટકનો પણ સમાવેશ થઈ ગયો છે. આ પહેલાં, ઉત્તર પ્રદેશ, ઉત્તરાંચલ, છત્તીસગઢ, બિહાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યો જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપી ચૂક્યાં છે.

## સ્વાતંત્ર્ય સેનાની રાજમલ જૈનનું ૯૦ વર્ષની જૈફ વયે અવસાન

મધ્યપ્રદેશના જાણીતા સ્વાતંત્ર્યસેનાની શ્રી રાજમલ જાલોરી જૈનનું ૯૦ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. તત્કાલીન મધ્યભારત પ્રાંતના એક સમયના મુખ્ય પ્રધાન શ્રી તખતમલ જૈનના પુત્ર એવા શ્રી રાજમલ જાલોરી જૈને ભારતની સ્વતંત્રતાના સંગ્રામ સમયે જેલવાસ પણ વેઠ્યો હતો. 'ભારત છોડો' ચળવળમાં તેમણે ખૂબ આગળ પડતો ભાગ લીધો હતો. સ્વતંત્રતા પછીના સમયમાં તેમણે મધ્યપ્રદેશ કૉંગ્રેસ કમિટીમાં અનેક હોદ્દાઓ સંભાળ્યા હતા. તેઓએ વિદિશા મ્યુનિસિપાલિટીનું પ્રમુખપદ પણ સંભાળ્યું હતું. ખાદી ગ્રામોદ્યોગના ચેરમેન તરીકે પણ તેમણે પોતાની સેવાઓ આપી હતી.

## નયલતા વૃત્તિનું વિમોચન કરાયું

પૂજનીય સુવિશ્રુત પં. શ્રી વિશ્વકલ્યાણવિજયજી મહારાજના શિષ્ય જાણીતા વિદ્વાન પૂજનીય મુનિ શ્રી યશોવિજયજી મહારાજ દ્વારા બત્રીસ બત્રીસીઓ ઉપર રચાયેલી નયલતા નામની નવી વૃત્તિનો વિમોચન મહોત્સવ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ ગયો.

જૈન ઇતિહાસના તેજસ્વી સિતારા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી દ્વારા રચાયેલ આ બત્રીસીઓ ઉપર નયલતા નામની વૃત્તિનું સર્જન કરવામાં આવ્યું છે. આ નૂતન વૃત્તિનો વિમોચન મહોત્સવ અમદાવાદમાં બિરાજમાન વિવિધ સમુદાયોના અનેક આચાર્ય ભગવંતોની ઉપસ્થિતિમાં યોજાયો હતો અને આ પ્રસંગે જૈન સંઘના અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચોથી સદીનું મનાતું જૈન મંદિર મળી આવ્યું

ચોથી અથવા પાંચમી શતાબ્દીનું હોવાનું મનાતું જૈન દેરાસર મધ્યપ્રદેશના અંબિકાપુર જિલ્લામાં મળી આવ્યું છે. ભગવાન આદિનાથનું આ દેરાસર પુરાતત્ત્વ ખાતા દ્વારા કરાઈ રહેલા એક સર્વેક્ષણ દરમ્યાન મળી આવ્યું હતું.

ત્રણ છત્રો, અભિષેક કરતો ઐરાવત હાથી અને અન્ય વિશિષ્ટ કલાત્મક ચિહ્નોથી અંકિત ભગવાન આદિનાથની પદ્માસનસ્થ શ્યામ મૂર્તિવાળા આ દેરાસરનો ગભારો સોળ બાય વીસ ફુટનો છે અને મૂર્તિ અંદાજે એકતાલીસ ઇંચની છે.

મધ્ય પ્રદેશના અંબિકાપુરથી અંદાજે ૩૦ કિ. મિ.ના અંતરે રેણ નદીના કાંઠે આવેલા મહેશપુર પાસે મળી આવેલું આ દેરાસર દૂર દૂરના પ્રદેશોમાં પણ પ્રાચીન કાળમાં જૈન સંસ્કૃતિ વિકસી હતી તેનો બોલતો પૂરાવો છે.

## ઢંકગિરિ ખાતે બનશે સિદ્ધચક્ર યંત્રમય દેરાસર

શત્રુંજય તીર્થની એક ટૂંક તરીકે ઢંકગિરિના ઉલ્લેખો જૈન ગ્રંથોમાં મળે છે. આ ઢંકગિરિ સૌરાષ્ટ્રના પાટણવાવ પાસે હોવાનું કહેવાય છે. અહીં ટૂંક સમયમાં જ 'સિદ્ધચક્ર યંત્રમય જિનાલય'નું નિર્માણ થનાર છે. આ દેરાસર વિશ્વમાં અજોડ હશે તેમ કહેવાઈ રહ્યું છે. પૂજનીય સાધ્વી શ્રી ચારુવ્રતાશ્રીજી મહારાજ આ જિનાલયનાં પ્રેરક છે.

### લવાજમ અંગે અગત્યની અને મહત્ત્વની સૂચના

અનેક પૂજનીય ગુરુ ભગવંતો અને પુણ્યવાનો તરફથી જય જિનેન્દ્રનું લવાજમ કઈ રીતે ભરી શકાય? તેવા સવાલો-વાળા પત્રો મળી રહ્યા છે. તે સર્વને વિનંતી કે જય જિનેન્દ્રનું લવાજમ JAY JINENDRAના નામે ડીડી. અથવા એમઓ.થી મોકલી શકાય છે. અમદાવાદના ચેકો પણ સ્વીકારી શકાય છે. બહારગામના ચેકો સ્વીકારવામાં બેન્કને લગતી વ્યવહારૂ મુશ્કેલીઓ (બેન્કો દ્વારા મોટું કમિશન કપાઈ જવું વગેરે)નાં કારણોસર ડીડી. કે એમઓ.થી લવાજમ મોકલો તો અનુકૂળ પડે છે. જો આપનું ખાતું HDFC અથવા ICICIનું હોય તો ચેક સ્વીકાર્ય છે કેમ કે તે બેન્કોની સ્થાનિક પેયેબલિટીની સગવડ હોય છે.

### તમે શું માનો છો?

# શું લંપટ સાધુવેષધારીના શરીરમાં શાસનદેવ આવે ખરા?

આચારહીન, ચારિત્રભ્રષ્ટ, અનંતાનંત મહાલંપટ અને એ પ્રકારના સાધુવેષધારીઓના શરીરમાં કોઈ શાસનદેવ કે શાસનદેવીનો પ્રવેશ થાય કે કેમ? અને આવા દુરાચારીના શરીરમાં આવીને શાસનદેવ કે શાસનદેવી (માણિભદ્ર વીર, ઘંટાકર્ણ વીર, નાકોડા ભૈરવ, પદ્માવતી દેવી, ચક્રેશ્વરી દેવી વગેરે) લોકોના પ્રશ્નોના જવાબો આપવાનો તમાશો કરે કે કેમ? આપનો સ્પષ્ટ અભિપ્રાય આજે જ જય જિનેન્દ્રને રવાના કરો.

જો આપનો જવાબ 'ના'માં હોય તો એ પણ જણાવશો કે આવા લંપટોના શાસનદેવ સંબંધિત ધતિંગ અટકાવવા માટે કયા અને કેવા ઉપાયો કરવા જોઈએ. આવા લંપટ સાધુઓના વડીલો તેમના દુરાચાર અને ધતિંગો બાબતે મૌન ધારણ કરે તો તેનો આપની દૃષ્ટિએ શું અર્થ થાય છે?

જય જિનેન્દ્રનું લવાજમ ક્યાં ભરશો? આ રહ્યું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ચાર, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧

## આપનો પત્ર મળ્યો



*જય જિનેન્દ્ર* ખરેખર ઘણું જ ગમે છે. નિર્ભયતાભર્યું સચોટ લખાણ હોય છે. આવાં ચાર પાંચ પત્રો (સામયિકો) પ્રગટ થાય તો કદાચ ખોટા શાસનપ્રભાવકો ભૂગર્ભમાં ચાલ્યા જાય!

ચંદનબાળાના પ્રસંગે અમારી આંખ ઉઘાડી. આવી કેટલીયે બંધબેસતી વાતો ગોઠવી અજ્ઞાની આચાર્ય કે મુનિઓ શાસ્ત્રવિરુદ્ધ નિરૂપણ કરતા હશે. બાળદીક્ષા કે અયોગ્ય દીક્ષા? આ લેખ વાંચીને એવી લાગણી થાય છે કે આજે જૈન સાધુઓ ટોળાં ભેગાં કરવા, પોતાની વાહવાહ કરાવવા, જેને તેને મૂંડવાની જ વાત કરે છે. દીક્ષાર્થીની યોગ્યતા કે અયોગ્યતા તરફ જરા પણ લક્ષ આપતા નથી.

**મુનિ રવિરત્નવિજય** (ભાયંદર, મુંબઈ)

અયોગ્ય દીક્ષા અંગેની છણાવટ લાજવાબ રહી. એક મુનિ થઈને તમે આ લખ્યું તે તમારી નિષ્પક્ષતાનું જીવંત ઉદાહરણ બની રહે છે. સાધુસંસ્થાને તમે ખૂબ નજીકથી જોઈ છે તેથી તેનાં દૂષણો અંગે તમે જે લખો તેમાં ભારોભાર સચ્ચાઈ હોય જ એમાં શંકા ઉઠાવી શકાય નહીં.

**પ્રો. એમ. પી. શાહ** (ન્યૂ દિલ્હી)

જૈન દીક્ષા અંગેના આપના વિચારો ખૂબ સમયસરના છે. એક એક જૈન વ્યક્તિએ વાંચવા જેવો લેખ.

**ડૉ. જે. આર. શાહ** (દાદર, મુંબઈ)

દીક્ષા અંગેના લેખ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. સાધુસંસ્થામાં રહીને તે સંસ્થાનાં દૂષણો સામે અવાજ ઉઠાવવો એ જરાય આસાન નથી. મેં મારા સાધુજીવન દરમ્યાન જે જોયું છે તેનું જ જાણે આપે નિરૂપણ કર્યું હોય તેવી લાગણી થઈ. જાણે મારા જ મનની વાત. મને કેવી રીતે ફોસલાવીને દીક્ષા આપી દેવાઈ હતી તે ઇતિહાસ નજર સામે ખડો થઈ ગયો. મારા પરિવારની મજબૂરીનો ફાયદો અમારા વડીલો કેવી રીતે ઉઠાવતા હતા તે યાદ આવતાં આજે ય આંખમાં તણખા ઝરે છે. પાટ ઉપર બેસીને ચામડાં ન ચૂંથવાનો ઉપદેશ આપનારા અમારા વડીલો ચામડાં ચૂંથવાના કેવા રસિયા હતા તે યાદ આવતાં રોમે રોમ સળગે છે, પણ શું થાય, આપના જેવી હિંમત નહીં, તેથી બધું મૂંગા મોઢે સહન કરવું પડ્યું. એ જીવનમાંથી મુક્ત થયા પછી કસાઈખાનામાંથી ભાગી છૂટેલી ગાય જેવી અનુભૂતિ થાય છે. કૃપાસિન્ધુ, મારી ઓળખ ગુપ્ત રાખવા વિનંતી – આપે એક મુનિવરનો વ્યથાસભર પત્ર એમની ઓળખ ગુપ્ત રાખીને છાપ્યો હતો તે રીતે.

**ભૂતપૂર્વ સાધ્વી 'અનામિકા'** (અમદાવાદ)

ખોટી રીતે અપાતી દીક્ષા અંગે *જય જિનેન્દ્ર*માં પ્રગટ થયેલ લખાણથી લોકોને એ જાણવા મળશે કે આત્મકલ્યાણના સુંવાળા નામે દીક્ષાદાતાઓ કેવા કાવાદાવા કરે છે. આવી દીક્ષાઓ અટકાવવા માટે જૈનોએ આગળ આવવું જોઈએ અને દીક્ષા લેનાર તથા દેનાર, બન્નેની આકરી તાવણી કરીને પછી જ દીક્ષા આપી શકાય એવી વ્યવસ્થા જૈનોએ ગોઠવવી જોઈએ.

**ભૂપતરાય શેઠ** (વાસણા, અમદાવાદ)

અયોગ્ય દીક્ષા અંગે *જય જિનેન્દ્ર*માં જે લેખ છપાયો હતો તેના પ્રતિભાવરૂપે અમને એટલા બધા પત્રો મળ્યા છે કે તે બધા અહીં સમાવવા અમારી માટે અશક્ય છે. અમે વાચકોની લાગણીથી ગદગદ થયા છીએ. નોંધપાત્ર પત્રો લખનારા વાચકોનો નામોલ્લેખ કરીને જ અમારે સંતોષ માનવો પડે છે.

**રાજલ દેસાઈ** (દાદર) **યોગેશ કામદાર** (વાસણા) **પરાગ શાહ** (ચીંચપોકલી) **કોમલ શેઠ** (પરેલ) **ધીરજબેન ચાલીસા** (સેટેલાઇટ) **સંજય શાહ** (પાર્લા) **જાગૃતિ શાહ** (ચેન્નાઈ) **રાજેશ કોઠારી** (બેંગલોર) **મણિલાલ પરીખ** (વાસણા) **અજય શાહ** (વાસણા) **નયન વી. શાહ** (પાલડી) **પંકજભાઈ શેઠ** (પાર્લા) **જય કોઠારી** (પાલડી) **શશીભાઈ** (સાબરમતી) **સંજય પાલરેચા** (ચેન્નાઈ) **અશોકભાઈ સવાઈ** (અંધેરી) **પ્યારેલાલ પારખ** (અહમદનગર)

## *જય જિનેન્દ્ર*

*જય જિનેન્દ્ર* દ્વારા લેવાયેલી જૈનધર્મના જનરલ નૉલેજની સફળ પરીક્ષા પછી ભાવનાશીલ પુણ્યવાનો તરફથી 'હવે નવી પરીક્ષા ક્યારે' એમ પૂછતા સંખ્યાબંધ પત્રો અમને મળી રહ્યા છે. રૂબરૂમાં પણ પરીક્ષામાં રસ ધરાવનારા પુણ્યવાનો તરફથી આ અંગે વારંવાર પૂછપરછ થઈ રહી છે. અમે અમારા ગયા અંકમાં જણાવ્યું હતું તેમ, *જય જિનેન્દ્ર* ફરી એકવાર યાદગાર પરીક્ષાનું પેપર લઈને આપની સમીપે આવી રહ્યું છે.

ગત પરીક્ષામાં ભાગ લેનારા અને પરીક્ષામાં ભાગ લેવાથી વંચિત રહી ગયેલા એવા પુણ્યવાનોને ખુશખબર સાથે જણાવવાનું કે *જય જિનેન્દ્ર* દ્વારા ટૂંક સમયમાં જ એક ભવ્ય પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પરીક્ષાનો વિષય રહેશે : 'જૈન ધર્મના તેજસ્વી સિતારા.'

વિશ્વના ચોગાનમાં જૈન ધર્મનું નામ અમર કરનારા પુણ્યવાનોને લગતા સવાલો સાથેનું આ પેપર સાચે જ આપનું મન મોહી લેશે. એક સો સવાલો સાથેનું આ પ્રશ્નપત્ર ઑબ્જેક્ટિવ પ્રકારનું રહેશે. અગાઉની પરીક્ષા કરતાં આ પરીક્ષામાં ઇનામોની સંખ્યા પણ વધારે રાખવામાં આવશે.

રસ ધરાવનાર પુણ્યવાનોને વિનંતી કે તેઓ જૈન ઇતિહાસનાં પુસ્તકો રિફર કરવાનું ચાલુ કરી દે અને અત્યારથી જ પરીક્ષા માટે માનસિક રીતે તૈયાર થઈ જાય તેમ જ જૈન જ્ઞાનભંડારો, પ્રજાકીય પુસ્તકાલયો, જાહેર વાચનાલયો વગેરેમાંથી જૈન ઇતિહાસને લગતાં પુસ્તકો મેળવીને નજર કરવાનું ચાલુ કરી દે.

*જય જિનેન્દ્ર*ના ગ્રાહકોને પ્રશ્નપત્ર વિનામૂલ્યે આપવામાં આવશે અને બાકીના પરીક્ષાર્થીઓને પાંચ રૂપિયાનું મૂલ્ય લઈને પેપર આપવામાં આવશે. આજે જ *જય જિનેન્દ્ર*ના સદસ્ય બની જાઓ અને અવારનવાર યોજાતી પરીક્ષાઓ ઉપરાંત દર અંકે યોજાતી સ્પર્ધાઓમાં પણ ભાગ લો.

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

દુનિયા એટલા માટે ખરાબ નથી કે એમાં ખરાબ માણસો વધુ છે, પરંતુ એટલા માટે ખરાબ છે કે એમાં સારા માણસો બોલવાની પળે ચુપ રહી જાય છે. *(શોપન હૉવર)*

•

**સ્પંદન**

બનેલો પાપથી ભારે વળી પાપો કરે શીદ ને;
સળગતી હોળી હૈયાની અરે જાલિમ બુઝાતો જા...

*(સ્વ. પૂજનીય આ. શ્રી વિજય લબ્ધિસૂરિજી)*

•

**ના હોય!**

'તમે સાંભળ્યું? લંપટસાગરના શરીરમાં માણિભદ્ર આવ્યા અને દુ:ખી લોકોના સવાલોના જવાબોયે આપ્યા!'
'તો પછી પેલા અસ્તકીર્તિએ લંપટસાગરના શરીરમાં માણિભદ્ર આવે છે તેનું પ્રમાણપત્ર આપી દીધું કે નહીં?'

### !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380 051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004